# ધન્યભૂમિ લોલાડા

— જયંતીલાલ પી. શાહ

વંદનીય અને પૂજ્ય યુગપ્રધાન શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી દાદાની જન્મભૂમિ હોવાનું જેને ગૌરવ અને અભિમાન છે, એ 'લોલાડા' ગામ ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લાના સમી તાલુકામાં આવેલું છે. આ લોલાડા ગામ પ્રસિદ્ધ મહાતીર્થ શંખેશ્વરજીથી ૧૦ કિ. મિ; પાટણ (ઉ. ગુ.) થી ૬૦ કિ. મિ.; રાધનપુરથી ૩૫ કિ. મિ.; મહેસાણાથી ૮૫ કિ. મિ.; હારીજથી ૩૦ કિ. મિ.; સમીથી ૨૪ કિ. મિ. અને અચલગચ્છના ગઢ સમાન માંડલ ગામથી ૪૫ કિ. મિ. દૂર થાય છે. લોલાડા ગામ એ શંખેશ્વર તીર્થની પંચતીર્થીમાંનું એક ગામ છે. આ ગામે આવવા માટે રાધનપુર—વીરમગામ રાજ્ય ધોરી-માર્ગ ઉપરના સમી—શંખેશ્વર વચ્ચેના 'જેસડા' ગ્રામથી પાકો ડામર રોડ થયેલો છે. ઉપરાંત મહેસાણા, હારીજ, રાધનપુર, સમી અને શંખેશ્વરથી એસ. ટી. બસ પણ મળે છે.

લોલાડા ગામ એ અતિ પ્રાચીન અને ભૂતકાળમાં ભવ્ય જાહોજલાલી ધરાવતું ગામ છે. તેનો સહુ પ્રથમ ઉલ્લેખ ઇતિહાસમાં ઈ. સ. ૮૦૦ આસપાસનો જોવામાં આવ્યો છે. ગુજરાત રાજ્યના સહુથી પ્રથમ એવા સ્થાપક વીર વનરાજ ચાવડાનો જન્મ લોલાડા પાસેના જંગલમાં થયો હોવાનો ઉલ્લેખ ઇતિહાસમાં છે. વનરાજ, પૂજ્ય કલ્યાણસાગરસૂરિદાદા, વચ્છરાજ સોલંકી જેવાં અનેક નરરત્નો લોલાડા ગામની વીરભૂમિમાં પાકેલાં છે.

આ ગામ પહેલાં મોટું નગર હતું. જૈનોનાં ૧૦૦ ઘરો હતાં. ચોવીસ પરગણાની, રાઠોડ વંશના ગરાસિયાની રાજધાનીનું શહેર હતું. મૂળ નાયક શ્રી શાંતિનાથ ભગવાનનું દહેરાસર, ઉપાશ્રય, પાઠશાળા ઇત્યાદિ હતું. દહેરાસરમાં પાંચ જિનબિંબ પ્રતિષ્ઠિત થયેલાં હતાં. પરંતુ કાળચક્રે જેમ અનેક પૌરાણિક શહેરોનો ધ્વંસ કર્યો છે, તેમ આ ગામને પણ છોડયું નથી. ભારતમાંના મુસ્લિમ શાસનકાળમાં ધર્માંધ મુસ્લિમોની ચડાઈઓ અને હુમલાઓનું નિશાન લોલાડા પણ બનેલું છે. હિંદુ ગરાસિયા રાજવીઓને વટલાવીને ઇસ્લામ ધર્મ અંગીકાર કરવાની ફરજ પાડવાથી, અહીંના રાજવી વંશના રાઠોડ કુળના ગરાસિયા અત્યારે 'મોલેસલામ ગરાસિયા' તરીકે ઓળખાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુસ્લિમ શાસનકાળ દરમ્યાન, પાછળથી અહીંના ગરાસિયાઓ પાસેથી સત્તાનો કબજો રાધનપુરના નવાબે લઈ લીધેલો. દેશ આઝાદ થયો, અંગ્રેજ હકૂમતમાંથી દેશને જ્યારે સ્વતંત્રતા મળી અને તે પછી રજવાડાનું વિલીનીકરણ થયું, ત્યાં સુધી લોલાડા રાધનપુર રાજ્યની હકૂમતમાં હતું.

કાળક્રમે ગામની જૈન શ્રાવકોની ૧૦૦ ઘરની વસ્તી ઘટીને ફક્ત ત્રણ ઘર જેટલી સીમિત થઈ ગઈ. કેટલાંક કુટુંબો ધંધાર્થે બહાર દેશ–દેશાવર ચાલ્યાં ગયાં. કેટલાંકનું નિર્વંશ ગયું. પાંચ બિંબવાળા શાંતિનાથ જિનપ્રાસાદમાં ફક્ત એક જ મૂળનાયકજી શ્રી શાંતિનાથ પ્રભુનું બિંબ રહ્યું. જૈન શ્રાવકોની વસ્તી ઘટી જવાથી જિન–પ્રતિમાઓને બહાર શહેરનાં દહેરાસરોમાં આપી દેવી પડેલી.

હાલમાં, લોલાડા ગામમાં જૈનોનાં આઠ ઘર છે. શ્રી શાંતિનાથ પ્રભુની અતિ પ્રાચીન અલૌકિક અને ચમત્કારિક મૂર્તિવાળું એક દહેરાસર છે. તેનો ઉદ્ધાર પચાસ વર્ષ પૂર્વે અમદાવાદના શેઠ જમનાભાઈ ભગુભાઈએ કરાવેલો છે. એક ઉપાશ્રય છે. પાઠશાળા, ભોજનશાળા, આયંબિલશાળા કાળક્રમે અને આવકના અભાવે હાલમાં બંધ થઈ ગયેલાં છે.

અત્યારે લોલાડા ગામની વસ્તી ૪૦૦૦ ની છે. 'સમી' તાલુકામાં સમી પછીનું આ બીજા નંબરનું ગામ છે. ગામમાં બાલમંદિરથી માંડીને એસ. એસ. સી. સુધીનું શિક્ષણ આપતી શિક્ષણસંસ્થાઓ, સાર્વજનિક છાત્રાલય, બેંક, દવાખાનું, વીજળી, ટેલિફોન, પાણીના નળ, નળના જોડાણ સાથેનું વારિગૃહ ઇત્યાદિ આધુનિક સુવિધાઓ છે. ગામમાં જૈન કુટુંબોને ઈતર જાતિઓ સાથે બહુ જ સારો ભાઈચારો અને સંપ છે. આને માટે અહીં એક જ દાખલો આપવો પૂરતો છે. ગામની વસ્તી પંચરંગી – દરેક કોમની લગભગ સરખી જેવી હોવા છતાં, લોલાડા ગામના સરપંચપદે છેલ્લાં ૧૦ વરસથી એક જૈન ભાઈની વરણી ગામ લોકો બિનહરીફ અને ચૂંટણી વિના કરતા આવ્યા છે. ગામના આગેવાન કાર્યકર ભાઈઓનું તાલુકા, જિલ્લા અને રાજ્યમાં બહુ જ સારું માન અને વર્ચસ્વ છે.

શ્રી 'પાર્શ્વ' લિખિત 'અંચલગચ્છ દિગ્દર્શન'માં લોલાડા વિષે ભૂતકાલીન ઐતિહાસિક માહિતી આ પ્રમાણે આપવામાં આવી છે :

(૧) સં. ૧૨૨૪ માં લોલાડા નગરમાં રાઠોડ વંશના રાઉત ડુંગરને ત્યાં શ્રી જયસિંહસૂરિએ પ્રતિબોધ આપી તેને જૈન કર્યો. તેના વંશજો ઓસવાળ જ્ઞાતિમાં 'પડાઈયા ગોત્ર'થી ઓળખાય છે. આ વંશમાં તિલાણી, મુળણીયા વગેરે ઓડકો છે. આ ગોત્રના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વંશજો વિશાળા, રાડદ્રા, બાડમેર, નગરપારકર, જેસલમેર, બિલાડા વગેરે ગામોમાં વસે છે. આ વંશમાં સમરસિંહ, સાદા, સમરથ, મંડલિક, તોલાક ઇત્યાદિ પુરુષો થઈ ગયા છે. (પૃષ્ઠ ૭૭)

ઉપરની ઓડકો અને ગોત્રવાળાની આ રીતે લોલાડા એ જન્મભૂમિ છે.

**(૨) લોલાડિયા ગોત્ર:**

ભાલેજ નગર પાસે નાપા ગામમાં વૃદ્ધસજનીય શ્રીમાળી જ્ઞાતિના લૂણિગ નામના શેઠે સં. ૧૨૨૦માં શ્રી જયસિંહસૂરિના ઉપદેશથી જૈન ધર્મ અંગીકાર કર્યો. તેમણે જયસિંહસૂરિના ઉપદેશથી નાણાવળગચ્છના શ્રી રામદેવસૂરિને આચાર્યપદ આપવામાં એક લાખ દ્રવ્ય ખરચ્યું........લૂણિગના વંશજો લોલાડા ગામમાં વસવાથી લોલાડિયા ગોત્રથી પ્રસિદ્ધ થયા. (પૃ. ૮૩)

(૩) શ્રી મેરુતુંગસૂરિએ સં. ૧૪૪૪નું ચાતુર્માસ લોલાડા નગરમાં કર્યું. તેમણે રાઠોડ વંશના ફણગર મેઘરાજાને ૧૦૦ મનુષ્યો સહિત ધર્મમાં પ્રતિબોધિત કર્યો. મેઘ નરેંદ્ર આચાર્યનો અનન્ય ભક્ત બન્યો. રાસકાર આ પ્રસંગ વર્ણવતાં કહે છે:

ચઉંઆલિઈ ચંઉમાસિ, લોલાડઈ સુહગુરુ રહીયં,
જણવાસીય જિણવાસિ, મહિયલ મહિમા મહમીય;
તંઈ રાઠઉડહ વંસ, ફણગર મેઘનરિંદ નર,
ગુરુપયકમલહ હંસ, પડિબોહિયા જણ સયસહિય. (પૃ. ૨૦૪)

(૪) ભીમશી માણેક 'ગુરુપટ્ટાવલિ'માં જણાવે છે: 'શ્રી મેરુતુંગસૂરિ શંખેશ્વર પાસે લોલાડા ગામમાં ચોમાસું રહ્યા હતા. એક વખત ત્યાંના લોકો 'દસાડા' ગામે વિવાહ પ્રસંગે ગયા હતા. એવામાં ગુજરાતનો પાદશાહ ચઢી આવ્યો. શ્રાવકોએ આચાર્યને કહ્યું: 'તમારી પોથીઓનો ભાર અમને આપો અને તમે અમારી સાથે ચાલો.' ગુરુએ કહ્યું: 'ચોમાસું ઊતર્યા વગર અમારાથી વિહાર થાય નહિ.'

તે પછી ગુરુએ શ્રાવકો પાસે સવા મણ ચોખા મંગાવીને તેને મંત્રીને શ્રાવકોને આપ્યા. આ ચોખાની ગામફરતી ધારાવાડી દઈને પાછું જોયા વગર શત્રુ સામે દોડવાનું કહ્યું. શ્રાવકોએ તેમ કર્યું. જેટલા ચોખા હતા તેટલા સૈનિકો થયા. પાદશાહ મોટું સૈન્ય દેખી ભયભીત થઈ ભાગી ગયો. આથી સહુ આચાર્યના પ્રભાવથી પ્રભાવિત થયા. બધાંયે મળી તાંબાના પતરા ઉપર લેખ કરી આપ્યો: 'જ્યાં સુધી વિધિપક્ષ ગચ્છનો યતિ આવે ત્યાં સુધી બીજા ગચ્છનો યતિ અહીં રહે નહિ....' (પૃ. ૨૦૪)

(૫) શ્રી મેરુતુંગસૂરિએ લોલાડામાં વિકરાળ સર્પોનું વિઘ્ન શ્રી પાર્શ્વનાથ–સ્તવના કરીને નિવાર્યું હતું. આ સ્તુતિ પ્રસ્તુત પુસ્તકમાં છે. (પૃ. ૨૦૫).



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) ભાવસારરચિત 'ગુર્વાવલી'માં પણ ઉક્ત પ્રસંગને સમર્થન મળે છે. તેમાં જણાવે છે કે, લોલાડા ગામમાં રાત્રિએ સૂરીશ્વર કાઉસગ્ગ ધ્યાને રહેલા. કાળો સર્પ ડસી ગયો. ધ્યાનબળે ગુરુ ઉપસર્ગ રહિત થયા.

લોલાડગામિ ગુરુણો, કાઉસ્સગ્ગટ્ઠિયસ્સ રયણીએ;
કાલભુયંગ–ડસિયો, ઝાણે જાઓ નિરુવસગ્ગો. (પૃ. ૨૦૫)

(૭) ધર્મમૂર્તિસૂરિના નામે પ્રસિદ્ધ થયેલ પટ્ટાવલી દ્વારા જાણી શકાય છે કે, મેરુતુંગસૂરિના ઉપદેશથી સં. ૧૪૨૯માં લોલાડા ગામમાં શ્રીમાળી જ્ઞાતિના ધાંધ શેઠના પુત્ર આસાકે તથા સં. ૧૪૩૮માં લોલાડા ગામમાં તેજુ શ્રાવિકાએ જિનબિંબની પ્રતિષ્ઠા કરી છે.

**(૮) શ્રી જીરાપલ્લી પાર્શ્વનાથ સ્તવ :**

મૂળ ૧૧, પાછળથી ત્રણ શ્લોક ઉમેરાતાં ૧૪ શ્લોક પરિમાણ. ॐ नमो देवदेवाय લોલાડા ગામમાં સર્પનો ઉપસર્ગ આ સ્તવ દ્વારા નિવાર્યો. અંચલગચ્છમાં પઠનપાઠન કરાતાં સાત સ્મરણોમાં આ સ્તોત્ર છઠ્ઠું સ્થાન ધરાવે છે. 'ત્રિલોકવિજય' નામના મહામંત્ર અને મંત્રથી ગર્ભિત આ સ્તોત્રનો મહિમા અપૂર્વ ગણાય છે. આ મહામંગલકારી સ્તોત્રની રચના પણ લોલાડા ગામમાં થયેલી છે. (પુ. ૨૨૨).

(૯) ઉપરોક્ત 'જીરાપલ્લી પાર્શ્વનાથ સ્તવ'નો ઉલ્લેખ 'કમ્પેરેટિવ એન્ડ ક્રીટિકલ સ્ટડી ઓફ મંત્રશાસ્ત્ર' ગ્રંથમાં મોહનલાલ ભગવાનદાસ ઝવેરીએ લખ્યું છે :

By composing the hymn 'Shri Jirikapali Parshvnath' beginning with the words 'Om namo devadevasya etc.' in Lolada village, near Shankheshvar Tirth, he warded off the threatened calamity and also caused the army of Sultan Mohamed to turn back from this village by invocation of Shri Parshvanath. (પૃ. ૨૨૮)

नमो देवदेवस्य શબ્દોથી શરૂ થતું શ્રી જીરિકાપલ્લી પાર્શ્વનાથ સ્તવ રચીને, શંખેશ્વર તીર્થ નજીકમાં તેમણે આવી પડતી આફતને નિવારી હતી. સુલતાન મહમદના લશ્કરને પાર્શ્વનાથનું આ વાહન કરી, તેમણે લોલાડા ગામમાંથી ઉપદ્રવ દૂર કર્યો હતો.

(૧૦) સં. ૧૫૩૨ના વૈશાખ સુદ ૧૦, શુક્રવારે શ્રીવંશે મં. ધ. ના ભા. ધાંધલદે પુ.માં પાંચા સુશ્રાવકે ભા. પુ. મહં. સાલિંગ સહિત પિતાના પુણ્યાર્થે શ્રી સુવિધિનાથની પ્રતિમા લોલાડા ગામમાં ભરાવી અને સંઘે તેની પ્રતિષ્ઠા કરાવી. (પૃ. ૨૯૩).

(૧૧) ઉપરોક્ત દિવસે જ શ્રીવંશે મં. ધન્ના. ભા. ધાંધલદે પુ. મં. સુયા શ્રાવકે ભા. લાલભાઈ ગોઈંદ પુ. સીયા નાખા સહિત શ્રી કુંથુનાથ જિનબિંબ ભરાવ્યું. લોલાડા ગામમાં સંઘે તેની પ્રતિષ્ઠા કરાવી. (પૃ. ૨૯૩)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૨) સં. ૧૫૨૭ થી સં. ૧૫૩૨ પર્યંત શ્રી જયકેસરસૂરિનો વિહાર પ્રદેશ આ પ્રમાણે હતો. કોટડા ગામ, લોલાડા ગામ, પાટણ. (પૃ. ૨૯૫).

(૧૩) સં. ૧૫૨૭માં શ્રી જયકેસરસૂરિના ઉપદેશથી લોલાડાના રહીશ ભલા શેઠે શ્રી પાર્શ્વનાથ જિનબિંબ ભરાવી તેની પ્રતિષ્ઠા કરાવી. (પૃ. ૨૬૯)

(૧૪) સં ૧૪૫૨માં લોલાડા નગરમાં ઓશવંશીય પડાઈયા ગોત્રીય સમરશીએ શ્રી શાંતિનાથ જિનપ્રાસાદ કરાવ્યો. (જે અદ્યાપિ વિદ્યમાન છે. મૂળ નાયકજી પણ એ જ શ્રી શાંતિનાથ ભગવાન છે.) આ જ શેઠે શ્રી જયકેસરસૂરિના ઉપદેશથી એક લાખ રૂપિયા ખર્ચી શત્રુંજયની યાત્રા કરી. સં. ૧૫૦૮માં જયકેસરસૂરિના ઉપદેશથી શ્રી શીતલનાથ જિનબિંબ કરાવી બાડમેરમાં પ્રતિષ્ઠા કરાવી. (આમ લોલાડામાંના શ્રી શાંતિનાથ ભગવાન તથા બાડમેરમાંના શ્રી શીતલનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવનાર શેઠ સમરશી છે.)

(૧૫) વા૦ વિદ્યાવલ્લભગણિએ સં. ૧૫૯૪માં માગસર સુદ તેરસ, ગુરુવારે લોલાડા ગામમાં રહીને श्राद्धाजितकल्पवृत्तिની પ્રત લખી. જુઓ : सं. १५९४ वर्षे मागशरसुदि त्रयोदश्यां गुरुवासरे लोलाडागामे अंचलगच्छे वा. विद्यावल्लभगणिजी लिखितम । (પૃ. ૩૪૧)

**(૧૬) યુગપ્રધાન શ્રી કલ્યાણસાગરસૂરિજી દાદા :**

લોલાડા નગરમાં જ્ઞાતિય કોઠારી વંશીય શ્રેષ્ઠી નાનિંગભાર્યા નામિલદેવી કુખે, સં. ૧૬૩૩ના અષાઢ સુદી ૨, ગુરુવાર, આર્દ્રા નક્ષત્રે, સૂર્યાદિ ઘડી ૩૯ (૫–૫૦ કલાકે) શ્રી કોડનકુમારનો (પૂજ્યશ્રી કલ્યાણસાગરસૂરિજી દાદાનો) જન્મ થયો.

આમ લોલાડા ગામ ભૂતકાળમાં નરવીરો અને સૂરિસમ્રાટોની જન્મભૂમિ હોવાનું બહુમાન ધરાવે છે. અંચલગચ્છના અનેક આચાર્યોની વિહારભૂમિ હતી. અનેક નામાંકિત આચાર્યોએ અહીં ચાતુર્માસો કરેલાં છે. અને કેટલીયે ચમત્કારિક કૃતિઓની રચના અહીં સ્થિરતા કરીને કરેલી છે. આમ છતાં નોંધપાત્ર દુઃખદ હકીકત એ છે કે, છેલ્લાં વર્ષોમાં અંચલગચ્છનાં સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકાઓ તરફથી કલ્યાણસાગરસૂરિ દાદાની આ જન્મભૂમિ પ્રત્યે ઘોર ઉપેક્ષા સેવવામાં આવી છે. અત્યંત શોચનીય હકીકત તો એ છે કે, શ્રી કલ્યાણસાગરસૂરિ દાદાનું કોઈ સ્મારક તેમના આ જન્મભૂમિના ગામે નથી.

પૂજ્ય શ્રી કલ્યાણસાગરસૂરિ દાદાના સ્મારકરૂપે એક ગુરુમંદિર, એક ઉપાશ્રય લોલાડા ગામમાં કરાવવાની ખાસ જરૂર છે. સ્થાનિક જૈન સંઘ તરફથી આર્થિક સંકડામણને લીધે આ સ્મારકો થઈ શકે તેમ નથી. તેથી અંચલગચ્છના પૂજ્ય સાધુ–સાધ્વીજીઓને તથા અંચલગચ્છના શ્રાવક–શ્રાવિકા ભાઈ–બહેનોને યુગપ્રધાન દાદાનાં કાર્યો અનુરૂપ એક બે ભવ્ય સ્મારકો લોલાડા ગામે કરાવવાની વિનંતિ સાથે વિરમું છું. * *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org